બનાસકાંઠામાં ભાજપની 'મીટ ધ પ્રેસ': પત્રકારો પાસેથી સૂચનો માંગ્યા - તકલીફો જાણી

પાલનપુર તા.૧૨

બનાસકાંઠા જિલ્લાના પાલનપુર ખાતે પ્રદેશ ભાજપ મીડિયા ટીમ અને જિલ્લા ભાજપ પ્રમુખ ગુમાનસિંહજી ચૌહાણ અધ્યક્ષતાએ જિલ્લાનાં પ્રિન્ટ અને ઈલેક્ટ્રોનિક્સ મીડિયા જગતના પત્રકાર મિત્રો સાથે પ્રેસ સંવાદ અને વૈચારિક આપલે હેતુની મહત્વની બેઠક યોજાઈ હતી.

જિલ્લા મુખ્યાલય પાલનપુર ખાતે યોજાયેલ આ બેઠકમાં ભાજપ પ્રદેશ મીડિયા ડિબેટ ટીમ ના સદસ્ય કિશનસિંહ સોલંકી,પ્રદેશ સહપ્રવકતા હિતેન્દ્રભાઇ પટેલ,ઉત્તર ઝોન મીડિયા કન્વીનર અને સાબરકાંઠા પ્રભારી રેખાબેન ચૌધરી,ઉત્તર જોન મીડિયા સહકન્વીનર રાજુભાઈ ભટ્ટ,પ્રદેશ કક્ષાએથી ખાસ હાજર રહ્યાં હતા.

આ મીડિયા સંવાદ બેઠકમાં પ્રદેશ મીડિયા પદાધિકારીઓ સાથે ભાજપ પ્રમુખ ગુમાનસિંહ ચૌહાણ,બનાસકાંઠા પ્રભારી,નંદાજી ઠાકોર અને જિલ્લા પ્રભારી સુરેશભાઈ શાહ,જિલ્લા ભાજપ મહામંત્રીશ્રીડાહ્યાભાઈ પીલીયાતર,તેમજ કાર્યક્રમ ઇનચાર્જ કૈલાશભાઈ ગેહલોત,જિલ્લા કોષાધ્યક્ષ ગિરધરભાઈ ભીમાણી સહીત અનેક આગેવાનો પણ જોડાયા હતા જેમાં જિલ્લા પ્રમુખ ગુમાનસિંહ ચૌહાણે પ્રાસંગિક પ્રવચન કરી વર્તમાન સમયમાં જાગતા રહેજો ની આલબેલ પોકારતા જિલ્લાનાં સર્વ મીડિયા કર્મિઓને આવકારી તેમની કામગીરી બિરદાવી હતી.

આ અંગે વધુ વિગતો આપતાં અમારા બનાસકાંઠા જિલ્લાના બ્યુરો ચીફ ગણપતભાઈ કે .જોશી પાલનપુર નો અહેવાલ જણાવે છે કે, બનાસકાંઠા પ્રભારી,નંદાજી ઠાકોર અને જિલ્લા પ્રભારી સુરેશભાઈ શાહ દ્વારા પણ પ્રાસંગિક પ્રવચન કરાયું હતું.અને મીડિયા ભૂમિકા બિરદાવી હતી.જ્યારે પ્રદેશ મીડિયા ટીમ અને જિલ્લા મીડિયા ટીમે હાજર જિલ્લામાં કાર્યરત એવા દૈનિક,સામાહિક,પક્ષીક અને ઈલેક્ટ્રોનિક મીડિયાના તમામ પ્રતિનિધિઓને જિલ્લા નાં વિકાસ મા તેમનાં મૅંતવ્યો તેમજ મીડિયા ક્ષેત્રના પ્રશ્નો રજૂ કરવાની પૂર્ણ તક આપી તમામ ને સાંભળ્યા હતા અને આવકાર્ય સૂચનોને સરકાર સાથે સંકલનમાં રહી ગતિ આપવાની ખાતરી આપી હતી. આભારવિધિ આ કાર્યક્રમના ઈન્ચાર્જ શ્કૈલાશભાઈ ગેહલોતે કરી હતી.

ડીસા મામલતદાર કચેરીના ઉજ્જડ બગીચાને નવજીવન મળ્યું

સૂકા વૃક્ષો અને ગંદકી હટાવી બાગ હર્યોભર્યો બનાવાયો: પ્રકૃતિ પ્રેમી શહેરીજનો અને અરજદારોમાં ખુશાલી

ડીસા, તા. ૧૨

ડીસા શહેરમાં આવેલી મામલતદાર કચેરીના પટાંગણમાં બનાવાયેલ બાગ વર્ષોથી ઉજ્જડ અને મૃતપ્રાય હાલતમાં પડ્યો હતો. ત્યારે ગત ૨૬ મી જાન્યુઆરી પ્રજાસત્તાક પર્વની ઉજવણી બાદ ડીસાના ધારાસભ્ય શશીકાંતભાઈ પંડ્યા, નાયબ કલેકટર, મામલતદાર, નગરપાલિકાના પ્રમુખ રાજુભાઇ ઠક્કર સહિત સેનિટેશન વિભાગના અધિકારીઓ અને કામદારો,જાગૃત નાગરિકો અને પત્રકાર મિત્રો સાથે મળીને એકમેકના સાથ સહકારથી ઉજ્જડ થઈ ગયેલ બાગને નવો ઓપ આપવા અને નવજીવન બક્ષવા માટે અભિયાન શરૂ કર્યું હતું ત્યારબાદ નગરપાલિકાના પ્રમુખ રાજુભાઇ ઠક્કર દ્વારા તાત્કાલિક અસરથી ડીસા નગરપાલિકાના સેનિટેશન વિભાગના અધિકારીઓ અને કામદારોને સૂચના આપી જેસીબી મશીન અને ટ્રેકટર દ્વારા ઉજ્જડ વૃક્ષોને કાપી જમીન સાફ કરી તથા ગંદકીના ઢગ અને વધારાનો કચરો? દૂર ?કરાવવામા આવ્યો હતો. બાદમાં નવા વૃક્ષોને રોપી અને? પત્રકાર મિત્રો દ્વારા વૃક્ષોની માવજત અને પાણીની પાઇપ દ્વારા નિયમિત પાણી પાવાની શરૂઆત પણ કરવામાં આવી છે.ઉજ્જડ બાગને નવજીવન મળતા પ્રકૃતિ પ્રેમી શહેરીજનો અને સરકારી કામો માટે આવતા અરજદારોમાં ખુશાલી છવાઈ છે. ત્યારે આ ઉત્કૃષ્ટ કાર્ય બદલ જાહેર જનતા આ કામગીરીનું બીડું ?ઉપાડનાર તમામ સહયોગીઓનો દિલથી આભાર વ્યક્ત કર્યો હતો. આ ઉપવન આમ જ હર્યો ભર્યો રાખવા માટે પત્રકાર મિત્રો અને જાગૃત નાગરિકો દ્વારા સ્વૈરિછક સંસ્થાઓ અને સેવાભાવી સંસ્થાઓને આગળ આવવા અનુરોધ કરવામાં આવ્યો હતો.

જન્મદિને વધામણી

રાજવીરસિંહ જયદીપસિંહ ભાટી
શરણમ્ રેસીડેન્સી
બાયડ

હેમંતસિંહ ડોડીયા
હિંમતનગર

ટચુકડી જાહેર ખબર
દર રવિવારે
ગાંધીનગર સમાચાર
ફોન : ૨૩૨૨૨૫૭૧,
ફેક્સ : ૨૩૨૩૦૫૭૧

બિન સચિવલયની પરીક્ષા મોકૂફ રાખતા ડીસામાં યુથ કોંગ્રેસ દ્વારા મામલતદારને આવેદનપત્ર

સરકારનો વિદ્યાર્થીઓ સાથે 'તારક મહેતા...'ના પોપટલાલના પાત્ર જેવો વ્યવહાર

ડીસા, તા. ૧૨

ગુજરાત ગૌણ સેવા પસંદગી મંડળ દ્વારા ૧૩ ફેબ્રુઆરીએ યોજાનાર બિન સચિવાલય ક્લાર્ક અને ઓફીસ આસિસ્ટન્ટની ભરતી અચાનક મોકૂફ રાખતા ડીસા યુથ કોંગ્રેસ દ્વારા મામલતદારને આવેદન પત્ર પાઠવી વિરોધ નોંધાવ્યો હતો અને બિન સચિવાલય ક્લાર્ક તેમજ ઓફીસ આસસ્ટન્ટની પરીક્ષાની તારીખ જલ્દીથી જાહેર કરવાની માંગ પણ કરી હતી. આ બાબતે ડીસા એન. એસ. યુ.આઈ. ના પ્રમુખ હાર્દિકભાઈ પઢીયારે જણાવ્યું હતું કે સરકાર વિદ્યાર્થીઓ સાથે સિરિયલ 'તારક મહેતા કા ઉલ્ટા ચશ્મા' ના પોપટલાલના પાત્ર જેવો વ્યવહાર કરી રહી છે. સરકાર વારંવાર પરીક્ષાઓ કેન્સલ કરી વિદ્યાર્થીઓના ભવિષ્ય સાથે ખીલવાડ કરી રહી છે ત્યારે સરકાર તાત્કાલિક પરિક્ષાની નવી તારીખ જાહેર કરી નિષ્પક્ષ રીતે પરીક્ષા યોજે અને વિદ્યાર્થીઓને ન્યાય આપે તેવી માંગ પણ કરી હતી.

ધાનેરા તાલુકામાં બીજા દિવસે પણ દીપડો ના પકડાતા ખેડૂતોમાં ભય ફેલાયો

ધાનેરા તા. ૧૨

ધાનેરા તાલુકાના અનાપુર ગઢની આસપાસ દીપડાએ એક યુવાન પર હુમલો કરી ગંભીર રીતે ઘાયલ કરતા અને આ દિપડો બે દિવસ થયા છતાંય પાંજરે ના પુરાતા ખેડૂતોમાં ભારે ભયનો માહોલ જોવા મળી રહ્યો છે .આ અંગે વધુ વિગતો આપતાં અમારા ધાનેરાના સંવાદદાતા ભરત બી પરમાર નો અહેવાલ જણાવે છે કે, દીપડો દેખાતા લોકોમાં ભય ફેલાયો હતો ત્યારે લોકો દ્વારા વનવિભાગને જાણ કરતા વનવિભાગની ટીમ પણ તાત્કાલિક આવી પહોંચી હતી અને દીપડાને પાંજરે પૂરવા માટે ના પ્રયાસો હાથ ધરવામાં આવ્યા હતા .

પરંતુ બીજા દિવસે પણ દીપડો પાંજરે ના પુરાતા ખેડૂતોમાં ભય ફેલાયો છે જ્યારે વન વિભાગ દ્વારા પૂરતા પ્રયાસ દિપડાને પકડવા માટે કરવામાં આવી રહ્યા છે ત્યારે દીપડા દ્વારા એક ખેડૂત પર હુમલો પણ કરવામાં આવ્યો હતો . અને ખેડૂત ઈજાગ્રસ્ત થતાં તેની સારવાર અર્થે ખસેડવામાં આવ્યો હતો તો બીજા દિવસે બીજા દિવસે પણ દીપડો પાંજરે ના પુરાતા ખેડૂતોએ આખી રાત જાગી ઉજાગરા કર્યા હતા.

રક્તદાન મહાદાન

ધાનેરા તાલુકાના થાવર ગામના ત્રણ રસ્તાથી દારૂનો જથ્થો પકડી પાડતી ધાનેરા પોલીસ

ધાનેરા તા. ૧૨

પોલીસ મહાનિરીક્ષક શ્રી જે.આર.મોથલિયા સરહદી રેન્જ ભુજ કચ્છ તથા બનાસકાંઠા જીલ્લા પોલીસ અધિક્ષક શ્રી તરૂણકુમાર દુગ્ગલ નાઓની સુચના અન્વયે જીલ્લા માંથી દારૂની પ્રવૃતિ નેસ્ત નાબુદ કરવા સારૂ મદદનીશ પોલીસ અધિક્ષક પુજા યાદવ થરાદ વિભાગ થરાદ નાઓના સુચના તથા માર્ગદર્શન મુજબ દારૂબંધી ઉપર વિશેષ કામગીરી કરવા આદેશ અપાયો હતો. આ અંગે વધુ વિગતો આપતાં અમારા ધાનેરાના સંવાદદાતા ભરત બી. પરમાર નો અહેવાલ જણાવે છે કે, આજ રોજ પો.સ્ટાફના માણસો સાથે પો.સ્ટે વિસ્તારમાં પેટ્રોલીંગમાં હતા દરમ્યાન પો.ઈન્સ. બી.વી.પટેલ ધાનેરા નાઓને મળેલ ખાનગી બાતમી હકીકત આધારે થાવર ગામના ત્રણ રસ્તાથી નિશાન ટેરેનો ગાડી નં.GJ-01-RK-1553 માંથી ભારતીય બનાવટની વિદેશી દારૂની તથા બિયર ટીન બોટલ/ટીન નંગ-૨૭૬ કિ.રૂ.૯૦,૧૨૦/- તથા નિશાન ટેરેનો ગાડી નં.GJ-01-RK-૧૫૫૩ની કિં.રૂ. ૫, ૦૦,૦૦૦/- મળી એમ કુલ કિં.રૂ.૫, ૯૦,૧૨૦/- ના મુદ્દામાલ પકડી પાડી કાયદેસરની કાર્યવાહી કરવામાં આવેલ છે.

પાલનપુર સાસરીયા ઓના ત્રાસથી નર્સનો આપઘાત

સાસરીયાઓએ મહિલાને મારી નાખી હોવાનો પિયર પક્ષનો આક્ષેપ

પાલનપુર તા. ૧૨

પાલનપુરના સોનબાગ વિસ્તારમાં રહેતી અને ડીસા સીવીલ હોસ્પિટલમાં ફરજ બજાવતી એક નર્સએ પોતાના સાસરીયા ઓના ત્રાસ થી ગળે ફાંસો ખાઈને આપઘાત કરી લેતા ચકચાર મચી જવા પામી છે. જોકે મૃતકના પિયરીય પક્ષે સાસરીયા વિરુદ્ધ તેને મારી નાખવામાં આવી હોવાના આક્ષેપ કર્યા હતા. પાલનપુરના સોનબાગ વિસ્તાર માં આવેલ સમતા સ્કૂલ નજીક રહેતી અને ધાણધા ગામની વતની અને ડીસા સીવીલ હોસ્પિટલમાં નર્સ તરીકે ફરજ બજાવતી જાગૃતિબેન નિકેશભાઇ સેભરા એ પોતાના સાસરિયાના ત્રાસ પોતાના ઘરે ગળે ફાંસો ખાઈ લેતા તેને શહેર ની ખાનગી હોસ્પિટલ માં ખસેડાઈ હતી જ્યાં તબીબે તેને મૃત જાહેર કરવા માં આવી હતી.જોકે બનાવ અંગે મૃતક ના પિયર પક્ષ ને જાણ થતા તેઓ દોડી આવ્યા હતા અને લાશને પીએમ અર્થે સીવીલ લાવી તેના સાસરીયા વિરુદ્ધ પોલીસ ફરિયાદ દાખલ કરવાની તજવીજ હાથ ધરી હતી જોકે મૃતક ને તેનો પતિ સાસુ અને નણદો દહેજ માટે ત્રાસ આપતા હોય સાસરીયા ઓના ત્રાસ થી તેને આપઘાત કર્યો હોવાના આક્ષેપ કર્યા હતા.

ડીસા બીઆરસી ભવન ખાતે દિવ્યાંગ બાળકોને સાધન સામગ્રી વિતરણ કેમ્પનું આયોજન કરાયું

3 તાલુકાના ૨૩૨ બાળકોને સાધન સહાય અપાઈ

ડીસા, ૧૨

ગુજરાત સરકાર દ્વારા શાળામાં અભ્યાસ કરતાં દિવ્યાંગ બાળકો પોતાના પગ પર ચાલી શકે તે હેતુથી દર વર્ષે સાધન સામગ્રી વિતરણ કેમ્પનું આયોજન કરવામાં આવે છે ત્યારે ગત તારીખ ૧૧ ફેબ્રુઆરી ૨૦૨૨ ના રોજ બી.આર.સી ભવન ડીસા ખાતે સમગ્ર શિક્ષા ગાંધીનગર અને એલીમકો ઉજ્જૈનના સહયોગથી દિવ્યાંગ બાળકોને સાધન સહાય વિતરણ કેમ્પનું આયોજન કરવામાં આવેલ હતું. જેમાં વિલચેર , ટ્રાયસિકલ , કાખઘોડી, હિઅરીંગ, એઈડ કેલીપર અને એમ આર કીટ, વગેરે સાધનોનું વિતરણ કરવામાં આવ્યું આ કેમ્પમાં ડીસા, ધાનેરા અને દાંતીવાડા તાલુકાના કુલ ૨૩૨ બાળકોને સાધન સહાય આપવામાં આવી.જિલ્લા આઈ. ઈ. ડી. કોર્ડીનેટર હરેશ બાબુ પરીખ, બી.આર.સી કૉ ઓર્ડીનેટર અલ્પેશભાઈ પ્રજાપતિ ડીસા સ્પેશિયલ એજ્યુકેટર સ્ટાફ તેમજ વિશિષ્ટ શિક્ષક હાજર રહી આ કૅમ્પની કામગીરી કરવામાં આવી હતી.

ધાનેરા નગરપાલિકાના પૂર્વ પ્રમુખ પોપટલાલ જોશી સામે ઠગાઈ બાબતે ધાનેરા પોલીસ સ્ટેશનમાં લેખિત રજૂઆત

ધાનેરા, તા. ૧૨

ધાનેરા નગરપાલિકાના પૂર્વ પ્રમુખ પોપટલાલ પીતામ્બરદાસ જોશી સામે ઠગાઈનો આક્ષેપ લગાવવામાં આવ્યો છે. અને આ બાબતને લઈ ધાનેરા પોલીસ મથકમાં રજુઆત પણ કરવામાં આવી છે. આ અંગે વધુ વિગતો આપતાં અમારા ધાનેરાના સંવાદદાતા ભરત બી પરમાર નો અહેવાલ જણાવે છે કે, ધાખા દરવાજા પાસે રાજપૂત નાઈ તેમજ દરજી સમાજનું ગંગા મુક્તિ ધામ સ્મશાન ગૃહ આવેલું છે. અને આ સ્મશાનગૃહની ફાઈલ આગળ ચલાવવા અને અધિકારીઓને રૂપિયા આપવાના છે તેવું બહાનુ બતાવી ધાનેરા નગરપાલિકાના પૂર્વ પ્રમુખ પોપટલાલ જોશીએ ફાઈલ ચલાવ્યા વગર જ બે લાખ રૂપિયા કરતાં પણ વધુની ઠગાઈ કરી હોવાનો ગંભીર આક્ષેપ રાજપુત સમાજના ભીખાજીએ લગાવ્યો છે. ભીખાજીએ જણાવ્યું હતું કે.અમોએ અમારા રૂપિયા પરત માંગતા આ પૂર્વ પ્રમુખ પોપટલાલ જોષીએ અમને ખોટા કેસમાં ફસાવી નાખવાની ધમકી આપે છે.જેથી અમોએ અમારા રૂપિયા પરત મેળવવા ધાનેરા પોલીસ મથકમાં ખોટી રીતે છેતરપિંડી કરનાર પૂર્વ પ્રમુખ પોપટલાલ જોશી સામે રજૂઆત કરી છે અને કાયદેસરની કાર્યવાહી કરવા માટેની માંગ પણ કરી છે.

સામાજિક ટ્રસ્ટના કાર્યકરના જન્મદિને ડુગરવાડામાં નેત્ર નિદાન કેમ્પ યોજાયો

મોડાસા, તા. ૧૨

મોડાસાના ડુંગરવાળા મુકામે જલારામ સેવા ટ્રસ્ટ મેઘરજ સાથે સામાજિક કાર્યકર નિલેશ જોશી ના જન્મદિન નિમિત્તે સરાહનીય કાર્ય કરવામાં આવી જેમાં શરીર જરુરીયાત મંદ ની વ્યક્તિઓને નેત્ર નિદાન. સાથે મોતિયાનું ઓપરેશન દૂર અને નજીકના ચશ્મા વિતરણ કરવામાં આવ્યું જેમાં ૧૫૨ દર્દીઓએ પોતાની આંખોની તપાસ કરાવી હતી જેમાં દર્દીઓને મોતિયાના ઓપરેશન માટે ની કાર્યવાહી કરવામાં આવશે. આ કાર્યક્રમમાં સ્કૂલના બાળકો જોડે સેવા વિશે ની વાત કરવામાં આવી . નિલેશ જોશીએ જણાવ્યું હતું કે જન્મદિન કે વ્યક્તિના કોઈ પણ સારા કાર્યક્રમમાં આવું સેવાભાવ જોડવામાં આવે તો લોકોને મદદરૂપ થઈ શકાય છે. આ કાર્યક્રમમાં સર્વ શિક્ષા અભિયાન ના અમિત. ધર્મેન્દ્ર સિંહ રાઠોડ કિરણ પુજારા સરપંચ ગીતાબેન ભરવાડ મહેન્દ્ર ભરવાડ શાળાના આચાર્ય જલારામ ટ્રસ્ટ ના બી પી બામણીયા હાજર રહ્યા હતા.

બનાસકાંઠા એસઓજી પોલીસે દેશી બંદુક બનાવવાના સામાન સહીત નાળી બંદૂક સાથે એક ઈસમની અટકાયત કરી

પોલીસે ઇસમની ધરપકડ કરી કુલ ૮ હજારથી વધુનો મુદ્દામાલ કબ્જે કર્યો

પાલનપુર તા.૧૨

બનાસકાંઠા એસ.ઓ.જી. પોલીસે અમીરગઢના ખારી ગામ રહેણાંક મકાનમાંથી દેશી બંદુક બનાવવાના સામાન સહિત એક નાળી બંદૂક સાથે એક ઈસમને ઝડપી પાડયો છે. આ અંગે વધુ વિગતો આપતાં અમારા બનાસકાંઠા જિલ્લાના સંવાદદાતા હરેશ જી. જોષી પાલનપુર નો અહેવાલ જણાવે છે કે, કુલ આઠ હજાર સિત્તેર રૂપિયાનો મુદ્દામાલ કબ્જે લઈ પોલીસે વધુ તપાસ હાથ ધરી છે. બનાસકાંઠા એસ.ઓ.જી પોલીસને અમીરગઢ વિસ્તારમાં પેટ્રોલીંગ દરમિયાન ખારી ગામના એક રહેણાંક મકાનમાંથી ગેરકાયદેસર પાસપરમીટ વગરની એક નાળી બંદૂક તેમજ દેશી બંદૂક બનાવવા માટેનો સર સામાન મળી આવ્યો હતો. જેના પગલે એસઓજી પોલીસે પ્રેમાભાઈ ધુળાભાઈ નામના ઈસમની અટકાયત કરી કુલ આઠ હજાર સિત્તેર રૂપિયાનો મુદ્દામાલ કબજે લઈ વધુ તપાસ હાથ ધરી છે.

ડીસા-પાલનપુર હાઈવે ઉપર કલ્યાણપુરાના પાટિયા નજીક બાઈક અને ટ્રક વચ્ચે અકસ્માત

અકસ્માતમાં બાઇક ચાલકનું ઘટના સ્થળે મોત

પાલનપુર, તા. ૧૨

બનાસકાંઠા પંથકમાં વાહન અકસ્માતની ઘટનાઓમાં સતત વધારો થઈ રહ્યો છે તેમાં અનેક આશાસ્પદ યુવાનો અકાળે જીવ ગુમાવી રહ્યા છે બે દિવસ અગાઉ આસેડા નજીક બાઈક સ્લીપ થઈ જતા બે યુવકના કરુણ મોત નીપજવાની ઘટનાની શાહિ સુકાઈ નથી ત્યારે ડીસા -પાલનપુર હાઈવે ઉપર આવેલા કલ્યાણપુરા ગામના પાટિયા નજીક એક ટ્રક ચાલકે બાઈકને જોરદાર ટક્કર મારતા અકસ્માત સર્જાયો હતો જેમાં બાઈક સવારનું ગંભીર ઈજાને કારણે ઘટના સ્થળે કરુણ મોત નીપજ્યું હતું.

આ અકસ્માતની વિગતો જોતા મૂળ વાવ ખાતે રહેતા અને એક પ્રાઈવેટ બાઈકના શોરૂમમાં કામ કરતા વેણ નાથાભાઈ માવાભાઈ પોતાનું બાઈક લઈ શુક્રવારે બપોરના સુમારે પાલનપુરથી વાવ તરફ જવા નીકળ્યા હતા અને કલ્યાણપુરા પાટિયા નજીક થી પસાર થતા હતા તે દરમિયાન પુર ઝડપે આવતા ટ્રક ચાલકે બાઈકને અડફેટે લઈ અકસ્માત સર્જ્યો હતો.અકસ્માતના પગલે બાઈક ઉપર સવાર નાથાભાઈ રોડ ઉપર પટકાયા હતા અને માથાના ભાગે ગંભીર ઈજાઓ થતા ઘટના સ્થળે જ તેમનું કરુણ મોત નીપજ્યું હતું.અકસ્માતના પગલે આસપાસમાંથી લોકો દોડી આવ્યા હતા અને પોલિસને જાણ કરતા પોલીસની ટિમ પણ દોડી આવી મૃતકની લાશને પીએમ અર્થે ડીસા સિવિલ હોસ્પિટલ ખાતે ખસેડી હતી.બાદમાં ટ્રક ચાલક વિરુદ્ધ ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.